| | | | | | |
|---|---|---|---|---|---|
| GJCU040001792025 | सत्यमेव जयते | રજૂ | ૨૧/૦૧/૨૦૨૫ | | |
| | | દાખલ | ૨૧/૦૧/૨૦૨૫ | | |
| | | હુકમ | ૦૬/૦૫/૨૦૨૬ | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિન |
| | | | 01 | 03 | 16 |

**મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જેતપુર–પાવી તાલુકા કોર્ટ,**
**(શ્રી રાજદીપસિંહ જોધ્ધા)ની અદાલત સમક્ષ,**
**મુકામ – છોટા ઉદેપુર**

| **–:: ગુનાની વિગત ::–** | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક** | ૧૫૨/૨૦૨૫ |
| **આંક** | **22** |
| **પ્રથમ બાતમી અહેવાલ** | એ.પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૪૦૦૫૨૪૦૪૭૬/૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન** | કરાલી |
| **ફરિયાદી** | શ્રી સરકાર (રાજ્ય) |
| **ફરિયાદપક્ષે વિદ્વાન સરકારી વકીલશ્રી** | શ્રી યોગેશભાઈ આર. દરજી |
| **આરોપી** | અનીલભાઈ વિઠલભાઈ કોળી, ઉ.વ.૨૨,<br>રહે. મજી ગામ, તા.જેતપુર,<br>જી.છોટાઉદેપુર |
| **બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રી** | આર.જે.રાઠવા |

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૪/૦૮/૨૦૨૪ |
| **પ્રથમ બાતમી અહેવાલની તારીખ** | ૨૪/૦૮/૨૦૨૪ |
| **આખરી અહેવાલ રજુ થવાની તારીખ** | ૨૪/૦૮/૨૦૨૪ |
| **તહોમત ફરમાવ્યા તારીખ** | – |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | ૩૧/૧૨/૨૦૨૫ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૦૬/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૬/૦૫/૨૦૨૬ |
| **આખરી હુકમ** | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી |

| | |
|---|---|
| | મૂકવાનો હુકમ કરવામાં આવે છે. |

| -:: આરોપીની વિગત ::- | |
|---|---|
| **નામ** | અનીલભાઈ વિઠલભાઈ કોળી |
| **ધરપકડ તારીખ** | -- |
| **જામીન મુક્તિની તારીખ** | -- |
| **તહોમત** | ભારતીય ન્યાય સંહિતાની કલમ - 281 (ભારતીય દંડ સંહિતાની કલમ 279) મુજબનો |
| **નિર્દોષ/સજા** | નિર્દોષ |
| **સજાની અવધિ** | -- |
| **અટકાયતનો સમયગાળો** | -- |

## -:: ચુકાદો ::-

## -:: ફરિયાદપક્ષના કેસની હકીકત ::-

1. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજાની ઈકો જેનો રજી.નં. જીજે ૩૪ એલ ૫૬૨૭ ને પુર ઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઈ આવી પકડાઈ જઈ ગુનો કરેલ, જે બાબતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - 173 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ - 154) મુજબ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ - 281 (ભારતીય દંડ સંહિતાની કલમ 279) મુજબનો ગુન્હો પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ.

2. ત્યારબાદ, સદર ગુન્હાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - 180 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ - 161) હેઠળ જરૂરી સાહેદોના નીવેદનો નોંધી તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી તથા જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવી

આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા, ભારતીય ન્યાય સંહિતાની કલમ – 281 (ભારતીય દંડ સંહિતાની કલમ – 279) મુજબના ગુન્હાનો પોલીસ તપાસનો આખરી અહેવાલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 193(3) [ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 173(3)] મુજબ અત્રેની અદાલતમાં આંક–1 લગત દાખલ કરેલ.

**–:: અદાલત દ્વારા અનુસરવામાં આવેલ કાયદાકીય પ્રક્રિયા ::–**

3. પોલીસનો આખરી તપાસ અહેવાલ રજુ થતા, અત્રેની અદાલત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 210(1)(B) [ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ – 190(1)(b)] આધારે આરોપી વિરુદ્ધ ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરેલ. જેથી આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 230 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 207) મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે જે દસ્તાવેજો ઉપર આધાર રાખતા હતા તે પોલીસ રિપોર્ટ, સાક્ષીઓના નીવેદનો, પંચનામા વગેરેની નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ અને આરોપીનું નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 274 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 251) મુજબનું નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવી સદર કેસ કાયદેસરની કાર્યવાહી માટે ચાલવા રજૂઆત કરેલ.

4. ત્યારબાદ, સદર કેસની ઈન્સાફી કાર્યવાહી નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 277 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 254) મુજબ આગળ ચલાવવામાં આવેલ છે અને નીચે મુજબનો મૌખિક પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ છે. :–

**–:: મૌખિક પૂરવાની યાદી ::–**

| –:: (અ) ફરિયાદ પક્ષ દ્વારા સાક્ષી ::– | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
| 1 | ૧૪ | સતિષભાઈ વિશ્વનાથભાઈ કોલચા | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| 2 | ૧૨ | કમસીંગભાઈ નારસીંગભાઈ રાઠવા | ફરીયાદી |
| 3 | ૨૦ | અરવિંદભાઈ ભુરાભાઈ રાઠવા | પંચ સાહેદ |

| -:: (બ) બચાવ પક્ષ દ્વારા સાક્ષી ::- | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
| - | -- | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

| -:: (ક) અદાલત દ્વારા સાક્ષી ::- | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
| -- | -- | અદાલત દ્વારા કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

5. તેમજ સદર કેસની ઈન્સાફી કાર્યવાહીમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવોઓ રજૂ કરવામાં આવેલ છે. :-

**-:: દસ્તાવેજોના આંકની યાદી ::-**

| -:: (અ) ફરિયાદી પક્ષે ::- | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **વર્ણન** |
| 1 | ૧૫ | પંચનામુ |
| 2 | ૧૩ | ફરીયાદ |

| -:: (બ) બચાવ પક્ષે ::- | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **વર્ણન** |
| | - - | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. |

| -:: (ક) ન્યાયલય દ્વારા ::- | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **વર્ણન** |
| | - - | અદાલત દ્વારા પણ કોઈ દસ્તાવેજ લીધેલ નથી. |

| -:: (ડ) મુદ્દામાલ ::- |
|---|

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | -- | |

## -:: ફરિયાદપક્ષના પુરાવાનું વિવરણ ::-

## -:: ફરિયાદી તથા ત.ક.અ. ::-

6. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરીયાદી કમસીંગભાઈ નારસીંગભાઈ રાઠવાને આંક-૧૨ થી તપાસવામાં આવેલા છે. જેમા તેઓએ સરતપાસમા જણાવ્યું છે કે, ''તા. ૨૪/૦૮/૨૦૨૪ ના રોજ હું જીલ્લા ટ્રાફીક શાખા છોટાઉદેપુર ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો.તે દિવસે હું તથા પોલીસ સ્ટાફના માણસો સાથે રગંલી ચોકડી ત્રણ રસ્તા પાસે જહેર રોડ ઉપર વાહન ચેકીગમાં હતા.તે દરમ્યાન નવાનગર તરફથી એક હોન્ડા એસપી મો.સા પુર ઝડપે તથા ભયજનક રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાઈ તે રીતે આવતો હતો તે એસ પી સાઈન મો.સા.જેનો રજી.નં. જોતા જીજે.૩૪.એલ.૫૬૨૭ નો હતો.તેના ચાલક નુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અનીલભાઈ વિઠૃલભાઈ કોલી, રહે.મજીગામ, તા.જેતપુર પાવી, જી.છોટાઉદેપુર નો હોવાનુ જણાવેલ. આરોપી વિરૂધ્ધ .અ.હે.કો નગીનભાઈ નારણભાઈ નાઓ એ પંચનામુ કરી અમોએ ફરીયાદ દાખલ કરાવેલ જે ફરીયાદ હું રજુ કરુ છુ જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે ફરીયાદને રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવે છે. આજ રોજ આરોપી કોર્ટમા હાજર નથી જેને જોયેથી ઓળખી શકુ.''

ફરીયાદીએ આરોપી તરફેની ઉલટ તપાસમા જણાવ્યુ છે કે, ''એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં કેટલા વાગ્યે વાહન ચેકીગમા હતા તેવુ પણ જણાવેલ નથી તેમજ પંચોના નામ લખાવેલ નહી. એ વાત ખરી છે કે રં ગલી ચોકડી ત્રણ રસ્તાપાસે જાહેર રોડ ઉપર જયા નાના મોટા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે,બનાવ વાળા રસ્તાની બન્ને સાઈડે દુકાન

આવેલી છે. એ વાત ખરી નથી કે,હાલના આરોપી પુર ઝડપે બે ફીકરાઈ રીતે વાહન ચલાવતો ન હોવા છતા ઉપરી અધિકારીના કહેવાથી ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપુ છુ.''

## –:: <u>પંચ સાહેદ</u> ::–

7. વધુમાં ફરિયાદપક્ષે પંચ નં.૧ સતિષભાઈ વિશ્વનાથભાઈ કોલચાને આંક– ૧૪ થી તથા પંચ સાહેદ અરવિંદભાઈ ભુરાભાઈ રાઠવાને આંક– ૨૦ થી તપાસેલા.. જેઓએ આંક–૧૫ વાળા પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ પરંતુ પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી. આથી, ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિધ્વાન સરકારી વકીલશ્રી વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિધ્વાન સરકારી વકીલશ્રીએ વિગતવાર ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

## –:: આરોપીનું વિશેષ નિવેદન ::–

8. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધયા બાદ, આ કામે વિદ્વાન સરકારી વકિલશ્રીની મૌખિક રજૂઆતથી તેઓનો પુરાવાનો હક બંધ કરવામાં આવેલ. આમ, ઉપરોક્ત રજૂ પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. સદર કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના મૌખિક અંતે સદરું તમામ પૂરવાનો અભ્યાસ કરી આરોપી રજૂ પૂરવાનો ખુલાશો કરી શકે તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 351 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 313) હેઠળ વિશેષ નીવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. પરંતુ આરોપી નિવેદન નોંધવા હાજર ન હોવાથી સદર કેસને દલીલના સ્ટેજ પર લેવામાં આવે છે.

## –:: દલીલો ::–

9. ત્યારબાદ, બંને પક્ષકારોની દલીલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ

– 352 (ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – 314) સાંભળી. ફરીયાદપક્ષે રજૂઆત છે કે તેમના દ્વારા રજૂ પુરાવાથી આરોપ પુરવાર કરેલ છે અને આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. જ્યારે બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીએ ખુબ જ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે માત્ર પોલીસ સાહેદ દ્વારા તેઓના કેસને સમર્થન મળેલ છે પરંતુ કેસના પંચ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી કે કોઈ અન્ય સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી. આમ, માત્ર પોલીસ સાહેદના નિવેદન પર આધાર રાખી સજા કરવી યોગ્ય નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ શંકાથી ઉપર પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

10. સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજ તેમજ મૌખિક પુરાવા, ફરીયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: ન્યાયિક મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| 1 | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજાની ઈકો જેનો રજી.નં. જીજે ૩૪ એલ ૫૬૨૭ ને પુર ઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઈ આવી પકડાઈ જઈ ગુનો કરેલ, જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ – 281 (ભારતીય દંડ સંહિતાની કલમ 279) મુજબનો ગુન્હો કરેલ છે ? |
| 2 | શું હુકમ ? |

11. ઉપરોકત ન્યાયિક મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–:: ન્યાયિક નિર્ણયો ::–**

| | |
|---|---|
| 1 | નકારમાં |
| 2 | આખરી હુકમ મુજબ. |

## -:: ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ::-

12. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ પુરાવાનો કાયદામાં વ્યાખ્યા બધ્ધરીતે કરવામાં આવેલ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારિત છે. પુરાવાની મુલવણી ભારતીય પુરાવાનો કાયદાની કલમ – 3 માં કરવામાં આવેલ "સાબિત" અને "ના સાબિત" વ્યાખ્યા ઉપર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો "શંકાથી પર" સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસેડી શકાય નહીં અને તેથી બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. હાલના કામે આરોપી સામેનું તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 104 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 101) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 106 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 103) મુજબનાં પુરાવા રજુ કરવાની જવાબદારી રહે છે. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

### -:: BHARTIYA SAKSHYA ADHINIYAM, 2023 ::-

**SECTION 104 :- BURDEN OF PROOF :-**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**SECTION 106 :- BURDEN OF PROOF AS TO PARTICULAR FACT :-**

The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

13. વધુમાં, પુરાવો તથા સાબિતી, આ બંને શબ્દો પ્રથમદર્શનીય એક સરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય છે. પરંતુ, વાસ્તવમાં પુરાવાનો બોજો કોઇ

પક્ષકાર પર હોતો નથી. પરંતુ સાબિતીનો બોજો પક્ષકારો ઉપર હોય છે. સાબિતી એટલે કે, પુરાવાની અસર એમ કહી શકાય. તેમજ સાબિતી એટલે પુરવાર થવું તે એટલે કે, "PROVED" કોઇ હકીકત સાબિત થાય. તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણો કોઇ બાબત કે હકીકત સાબિત થાય. કેટલીક હકીકતોની ન્યાયિક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબિત થાય છે. તેમજ સાબિતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મિલકતનું નિરીક્ષણ કોઇ મિલકતની હકીકતની સાબિતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતા સાબિતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબિતી શબ્દ પુરાવા કરતા વિશાળ અર્થ ધરાવે છે અને સાબિતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 106 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 103) મુજબ માને છે.

14. ફોજદારી કાર્યવાહી તથા દિવાની કાર્યવાહીમાં સાબિતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉચી માત્ર તે શ્રેષ્ઠ સાબિતી ગણાય તથા ગુનો સાબિત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે. વધુમાં, માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી. જયારે દિવાની કાર્યવાહીમાં સંભવિતતના પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબિતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામાં ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ, દિવાની કાર્યવાહીમાં "PRE-PONDERANCE OF PROBABILITY" ના સિધ્ધાંત મુજબ સાબિતીનો બોજો રહેલ છે.

15. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 104 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 101) જોવામાં આવે તો તેમાં સાબિતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. તે મુજબ કોઇ પણ (વ્યક્તિ)

ઈચ્છતી હોય કે, પોતે જણાવેલ છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તો તે વ્યક્તિએ તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જ્યારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે, તે વ્યક્તિ ઉપર સાબિતીનો બોજો છે. આમ ફોજદારી કેસની કાર્યવાહીમાં પુરાવો અને સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે અને આરોપીએ સમગ્ર કાર્યવાહી દરમ્યાન મીન રહેવાનું હોય છે.

16. આમ, આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવું જોઈએ અને ફરીયાદપક્ષ, આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઈએ.

## –:: કાયદાકીય જોગવાઈઓ ::–

17. સદર કેસને સંલગ્ન કાયદાકીય જોગવાઈઓ નીચે મુજબ છે :–

**SECTION - 281 :- RASH DRIVING OR RIDING ON A PUBLIC WAY :-**

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**આ કલમના તત્વો નીચે મુજબ છે જે ફરીયાદ પક્ષે સાબીત કરવા જરૂરી છે.**

- જાહેર રસ્તા પર વાહન ચલાવવુ અથવા સવારી કરવી,
- બેફામ પણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,
- જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

## –:: ઉચ્ચ ન્યાયાલના માર્ગદર્શક ચુકાદાઓ ::–

18. સદર કેસનો ન્યાયિક નિર્ણય કરતા પહેલા તે કાયદાને સંલગ્ન કેટલાક નામદાર સર્વોચ્ચ તથા ઉચ્ચ ન્યાયાલયના માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી હોય જે નીચે મુજબ છે :–

➔ નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના "**Dalapatbhai Rameshbhai Vasava v/s State Of Gujarat"** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે :-

"27. On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence. At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of Mrs. Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324, (1975) 4 SCC 122, wherein it was observed that main criteria for deciding whether driving which relate to accident was rash and negligent is not only the speed but the width of the road, density of the traffic etc. Further in the case of State of Kamataka v. Satish (supra), the Honourable Supreme Court has held that merely because truck was being driven at a "high speed" does not speak of either "negligence" or "rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "ras ipsa locutar".

➔ નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના "**Kaushik Ambalal Oza v/s State Of Gujarat"** ના પેરા 11 માં જણાવેલ સિધ્ધાંતો મુજબ જ ફોજદારી કેસોમાં બેફીકરાઈ અને બેદરકારી પૂરવાર કરી શકાય, જે સમજણ કરતો પેરા - 11 નીચે મુજબ છે. :-

"11. A rash act is primarily an over hasty act, and is thus opposed to a deliberate act, but it also includes an act which, though it may be said to be deliberate, is yet done without due care and caution. Illegal omission is act under this Section and may constitute an offence if it is negligent. Criminal rashness is hazarding a dangerous or wanton act with the knowledge that it is so, and that it may cause injury, but without intention to cause injury, or knowledge that it will probably be caused. The criminality lies in running the risk of doing such an act with recklessness or indifference as to the consequences. Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the charge has arisen, it was the imperative duty of the accused person to have adopted. Negligence is the omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do. Culpable rashness is acting with the consciousness that the mischievous and illegal consequences may follow, but with the hope that they will not, and often with the belief that the actor has taken sufficient precautions to prevent their happening. Culpable negligence is acting without the consciousness that the illegal and mischievous effect will follow, but in circumstances which show that the actor has not exercised the caution incumbent upon him, and that if he had he would have had the consciousness. It is clear, however, that if the words

not amounting to culpable homicide are a part of the definition, the offence defined by this section consists of the rash or negligent act not falling under that category, as much as of its fulfilling the positive requirement of being the cause of death. In order to amount to criminal rashness or criminal negligence one must find that the rashness has been of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned thereby. The criminality lies in running the risk or doing such an act with recklessness and indifference to the consequences. (see State of Gujarat Vs. Maltiben Valjibhai Shah, 1993 (2) GLR 1600)."

➔ દિવાની તથા ફોજદારી કેસોમાં ગફલત અને બેદરકારી અલગ હોવાના સિધ્ધાંતો સમજાવવા, નામદાર સુપ્રિમ કોર્ટનો "**Jacob Mathew v/s State Of Punjab And Haryana"** ના પેરા 14, 15, 16 તથા પેરા 48 જોવામાં આવે તો :-

"14. The moral culpability of recklessness is not located in a desire to cause harm. It resides in the proximity of the reckless state of mind to the state of mind present when there is an intention to cause harm. There is, in other words, a disregard for the possible consequences. The consequences entailed in the risk may not be wanted, and indeed the actor may hope that they do not occur, but this hope nevertheless fails to inhibit the taking of the risk. Certain types of violation, called optimising violations, may be motivated by thrill- seeking. These are clearly reckless.

"15. In order to hold the existence of criminal rashness or criminal negligence it shall have to be found out that the rashness was of such a degree as to amount to taking a hazard knowing that the hazard was of such a degree that injury was most likely imminent. The element of criminality is introduced by the accused having run the risk of doing such an act with recklessness and indifference to the consequences. Lord Atkin in his speech in Andrews Vis.Director of Public Prosecutions, 1937 AC 576, stated, "Simple lack of care such as will constitute civil liability is not enough; for purposes of the criminal law there are degrees of negligence; and a very high degree of negligence is required to be proved before the felony is established." Thus, a clear distinction exists between "simple lack of care" incurring civil liability and "very high decree of negligence" which is required in criminal cases. Lord Porter said in his speech in the same case - "A higher degree of negligence has always been demanded in order to establish a criminal offence than is sufficient to create civil liability. (Charlesworth & Percy, ibid, Para 1.13)

16. The fore-quoted statement of law in Andrews has been noted with approval by this Court in 1950 1 SCC 30. The Supreme Court has dealt with and pointed out with reasons the distinction between negligence in civil law and in criminal law. Their Lordships have opined that there is a marked difference as to the effect of evidence, viz, the proof, in civil and criminal proceedings. In civil proceedings, a mere preponderance of probability is sufficient, and the defendant is not necessarily entitled to the benefit of every reasonable doubt; but in criminal proceedings, the persuasion of guilt must amount to such a moral certainty as convinces the mind of the Court, as a reasonable man, beyond all reasonable doubt. Where negligence is an

essential ingredient of the offence, the negligence to be established by the prosecution must be culpable or gross and not the negligence merely based upon an error of judgement."

"48. (iv) Conviction for any substantial criminal offence requires that the accused person should have acted with a morally blameworthy state of mind. Recklessness and deliberate wrongdoing, are morally blameworthy, but any conduct falling short of that should not be the subject of criminal liability. Common- law systems have traditionally only made negligence the subject of criminal sanction when the level of negligence has been high, a standard traditionally described as gross negligence. In fact, negligence at that level is likely to be indistinguishable from recklessness. (ibid, p. 248)."

## –:: ફરિયાદપક્ષના પૂરાવાનું મૂલ્યાંકન ::–

19. આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે અક્ષેપિત ગુનાના મૂળભૂત તત્વો સચોટ પુરાવાથી સાબિત કરવા પડે. બનાવ સમયે આરોપી વાહન જાતે ચલાવી રહયા હતા. બનાવ સમયે આરોપી કુલ સ્પીડમાં તથા બેદારકારી ભરી રીતે તથા માનવ જીવન જોખમાય તેમ અને ઈજા પહોંચે તેમ ચલાવી રહતા હતા. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતમાં કોઈ આરોપીના કૃત્ય માટે કોઈ અનુમાન કે પૂર્વ ધારણા ન હોઈ શકે.

20. વધુમાં, બેફામપણે અથવા બેદરકારીપૂર્વક એ બન્ને શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી નથી. આ બંન્ને શબ્દોનો અર્થ એકબીજાને મળતો આવે છે. બન્નેમાં અવિચારીપણું હોય છે. તેમ છતાં એક તાત્વીક ભેદ પણ બન્ને શબ્દોમાં છે. એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે, તે રીતે વર્તવાનું તે વ્યકિત ચુકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય, જયારે એક માણસ પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે, તેથી વિશેષ તે વર્તે તેને બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. સદર કેસના રજૂ પુરાવા પરથી બનાવના દિવસે આરોપીનું કૃત્ય બેફામપણું હતું તેવું નિશંકપણે કહી શકાય નહિ. સદર ગુન્હો પુરવાર કરવા માટે આરોપી તેનું વાહન બેદરકારીપુર્વક ચલાવતા હતા અથવા બેફીકરાઈથી વાહન ચલાવતા હોવાનું સાબિત ફરીયાદ પક્ષે કરવું પડે.

21. વધુમાં, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ અટક પંચનામાના પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને લેસ માત્ર સમર્થન આપેલ નથી અને એક તૈયાર

પંચનામામાં માત્ર સહી કરેલાની હકીકત જુબાનીમાં જણાવેલ છે. જેથી સદર કામે રજુ થયેલ પંચનામાની હકીકત નિ:શંકપણે પુરવાર થયેલી માની શકાય નહિ. વધુમાં બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય તથા આજુ બાજુમાં આસાનીથી સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં ફરિયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદ ચાર્જશીટમાં દર્શાવેલ નથી કે તપાસેલ નથી.

22. આમ, ફરીયાદપક્ષે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 104 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 101) તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – 105 (ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 102) મુજબ તેઓનો કેસ પુરવાર કરવાનો રહે છે. આમ ફરીયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવા સંબંધે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે. આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આવી શંકાનો લાભ આરોપીને આપવો જોઈએ. તેથી આરોપી ઉપર આક્ષેપિત આરોપ બદલના આવશ્યક તત્ત્વો નિઃશંકપણે સ્પષ્ટ, ચોક્કસ અને પુરતા પુરાવાથી પુરવાર થતાં નથી. આમ, રજૂ પુરાવાઓ જોતા બનાવવાળા દિવસે અને સમયે આરોપી પોતાનું વાહન કેટલી સ્પીડમાં ચલાવતા હતા તેમજ આરોપીએ પોતાનું વાહન બેફામ સ્પીડમાં માનવજિંદગી જોખમાય તે રીતે જાહેર રોડ પર બેફીકરાઈથી ચલાવેલ હોય તેવો કોઈ વિશ્વસનીય કે માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી અને જયાં સુધી તે બાબત નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

23. વધુમાં, આક્ષેપાયેલ ગુન્હાઓના તત્વોમાં જો એક તત્વમાં પણ શંકા જણાઈ આવે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત થાય છે. આમ, સદરહુ કામે રજુ થયેલા સાહેદોની જુબાની એવી નથી કે જેથી હાલના આરોપીની બેદરકારી નિઃશંકપણે પુરવાર થઈ શકે અને પોલીસ સાહેદોને સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ઉપરોકત ચર્ચાના અંતે આ કોર્ટનું એમ માનવું છે કે, ફરિયાદપક્ષ આરોપી સામે હાલનો કેસ પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં આરોપીને હાલના ગુન્હામાં દોષિત ઠરાવી શિક્ષા કરવાનું યોગ્ય, ન્યાયિ અને

વ્યાજબી જણાતું ન હોઈ મુદા નં. 1 નો જવાબ " નકાર" માં આપી મુદ્દા નં. 2 અંગે નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–: મુદા નં. (2) :–**

24. ઉપરોકત પુરાવાઓની ચર્ચાના અંતેના કોર્ટ નીચે મુજબનો આખરી હુકમ કરે છે.

**–:: આખરી હુકમ ::–**

- આ કામના આરોપી અનીલભાઈ વિઠલભાઈ કોળી, ઉ.વ.૨૨, રહે. મજી ગામ, તા.જેતપુર, જી.છોટાઉદેપુરનાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ – 281 (ભારતીય દંડ સંહિતાની કલમ – 279) મુજબના ગુન્હાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ ચુકાદો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 392(6) [ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– 353(6)] મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. [શરદ જેઠાલાલ સાવલા વિરુદ્ધ ગુજરાત સરકાર ફોજદારી પરચુરણ અરજી નંબર 9862/2015, નિર્ણીત તા. 14.11.2016 તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુંલર નંબર – 1618/2016, તા. 05.07.2016].

- આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – 481 (ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – 437A) મુજબ અપીલ અદાલતમાં આરોપીએ અગાઉ આપેલ જામીન , અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને તેમા મુકવામાં અવેલી

શરતો આથી રદ કરવામાં આવે છે. અને જો કોઈ કિંમતી કે બિનકિંમતી મુદ્દામાલ હોય તો, તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજ રોજ તારીખ ૦૬ , માહે મે, વર્ષ 2026 ના ખુલ્લી અદાલતમાં,વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ :06.05.2026 (રાજદીપસિંહ રૂગનાથસિંહ જોધ્ધા)
સ્થળ : જેતપુર–પાવી જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
(UIC – GJ01759)